વલસાડના ભિલાડમાં મોટી દુર્ઘટના ટળી, રેલવે વ્યવહારને અસર

વિરાર-ભરૂચ મેમુનું એન્જિન પાટા પરથી ઉતર્યું

પ્લેટફોર્મ નં.1 પર પ્રવેશતી વખતે બન્યો બનાવ, ART/ARMEની મદદથી રિરેલમેન્ટ શરૂ, અનેક ટ્રેનો મોડી

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકામાં આવેલા ભિલાડ રેલવે સ્ટેશન પર આજે (28મી જુલાઈ) વહેલી સવારે એક મોટી દુર્ઘટના ટળી હતી. વિરારથી ભરૂચ તરફ જતી મેમુ ટ્રેન ભિલાડ સ્ટેશનના પ્લેટફોર્મ નંબર-1 પર ઊભી રહે તે પહેલાં જ તેનું એન્જિન પાટા પરથી નીચે ઊતરી ગયું હતું. આ ઘટનાને પગલે સ્ટેશન પર અને ટ્રેનમાં સવાર મુસાફરોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. જોકે, સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. મળતી માહિતી મુજબ, વહેલી સવારે 06:27 કલાકે વિરાર-ભરૂચ MEMU ટ્રેન નં. 19101 ભિલાડ રેલવે સ્ટેશને પહોંચી રહી હતી ત્યારે પ્લેટફોર્મ પર ઊભી રહે તે પહેલાં જ ટ્રેનનું DMC એટલે કે એન્જિન પાટા પરથી ખડી પડ્યું હતું. ઘટના બનતાં જ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. બનાવની જાણ થતાં જ રેલવેના ઉચ્ચ અધિકારીઓ અને ART/ARMEની ટેકનિકલ ટીમ વલસાડથી ઘટનાસ્થળે દોડી આવી હતી અને એન્જિનને ફરી પાટા પર લાવવાની કવાયત હાથ ધરી હતી. આ ઘટના કયા કારણોસર બની તે અંગે રેલવે તંત્ર દ્વારા તપાસ શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટનાના કારણે મુંબઈ તરફથી આવતો અને જતો રેલ વ્યવહાર ખોરવાયો હતો. જેને પગલે વંદે ભારત એક્સપ્રેસ, શતાબ્દી એક્સપ્રેસ, ગુજરાત એક્સપ્રેસ અને વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ સહિત અનેક ટ્રેનો મોડી પડી હતી. જેના કારણે દૈનિક નોકરીયાતો, વેપારીઓ અને અન્ય મુસાફરો સ્ટેશનો પર અટવાઈ પડ્યા હતા અને ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. પશ્ચિમ રેલવે દ્વારા જાહેરાત કરાયા મુજબ 28 જુલાઈના રોજ ટેકનિકલ કારણોસર ટ્રેન નં. 19105 ઉધના-પાલધી અને ટ્રેન નં. 19106 પાલધી-ઉધના પેસેન્જર ટ્રેન રદ રહેશે. રેલવેએ મુસાફરોને પોતાની મુસાફરીનું આયોજન તે મુજબ કરવા અને થયેલી અસુવિધા બદલ દિલગીરી વ્યક્ત કરી છે.

વંદે ભારત શોર્ટ ટર્મિનેટ, શતાબ્દી દોઢ કલાક મોડી

પશ્ચિમ રેલવેના મુંબઈ સેન્ટ્રલ ડિવિઝન દ્વારા જાહેર કરાયા મુજબ ભિલાડ નજીક ટેકનિકલ ખામીને કારણે 28 જુલાઈના રોજ 20901 મુંબઈ-ગાંધીનગર વંદે ભારત અમદાવાદ સુધી જ દોડશે અને અમદાવાદ-ગાંધીનગર વચ્ચે આંશિક રદ રહેશે. જ્યારે 20902 ગાંધીનગર-મુંબઈ વંદે ભારત ગાંધીનગરને બદલે અમદાવાદથી સાંજે 16:30 કલાકે ઉપડશે. તેમજ 12010 અમદાવાદ-મુંબઈ શતાબ્દી એક્સપ્રેસ નિર્ધારિત 15:10 કલાકને બદલે સાંજે 17:00 કલાકે અમદાવાદથી પ્રસ્થાન કરશે. રેલવેએ મુસાફરોને મુસાફરી પહેલા સ્ટેટસ ચેક કરવા અપીલ કરી છે.

બંને ઘટનામાં કોઈ જાનહાનિ નહીં થતાં હાશકારો

કારમાં આગના બે બનાવ: સન ફાર્મા રોડ અને નિઝામપુરામાં કાર સળગી

(પ્રતિનિધિ) વડોદરા,તા.28

વડોદરા શહેરમાં ગતરાત્રીએ કારમાં આગ લાગવાના બે અલગ-અલગ બનાવ બનતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બંને જગ્યાએ ફાયર બ્રિગેડની ટીમોએ દોડી જઈને આગ પર કાબૂ મેળવ્યો હતો. સદનસીબે બંને ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. વડોદરાના સન ફાર્મા રોડ પર આવેલા સત્સંગ પાર્ટી પ્લોટ નજીક દોડતી ફોર વ્હીલ કારમાં અચાનક ભીષણ આગ ભભૂકી ઉઠી હતી. કારમાંથી ધુમાડા અને આગના ગોટા નીકળતા રોડ પરથી પસાર થતા લોકોમાં દોડધામ મચી ગઈ હતી. પ્રાથમિક દ્રષ્ટિએ શોર્ટ સર્કિટને કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવાઈ રહ્યું છે. બનાવની જાણ થતાં જ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને ફાયર કર્મીઓએ ઝડપી કામગીરી કરીને આગ પર કાબૂ મેળવ્યો હતો. આગ લાગવાનું ચોક્કસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. બીજો બનાવ નિઝામપુરા મહેસાણા સર્કલ પાસે બન્યો હતો. અહીં થાર ગાડીમાં અચાનક આગ લાગી હતી. કારમાં સવાર લોકોએ સૂઝબૂઝથી તાત્કાલિક બહાર નીકળી જતા મોટી દુર્ઘટના ટળી હતી. ટીપી-13ના ફાયરબ્રિગેડના જવાનો સ્થળ પર પહોંચ્યા હતા અને અથાગ મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ ઘટનામાં પણ કોઈ જાનહાનિ થઈ નથી.

ત્રણ ઓફિસ તોડી રૂ ૭૯ હજારથી વધુની રોકડ ચોરી

આરસી દત્ત રોડ પર દ્વારકેશ બિલ્ડિંગમાં તસ્કરો ત્રાટકયા

૪મા અને ૯મા માળે આવેલી ઓફિસોને નિશાન બનાવી લોક તોડી રોકડ રકમનો સાફ સૂફી

(પ્રતિનિધિ) વડોદરા તા 28

અકોટા વિસ્તારમાં આવેલા આર.સી. દત્ત રોડ પર વેલકમ હોટલની બાજુમાં આવેલા દ્વારકેશ કોમ્પ્લેક્સમાં અજાણ્યા તસ્કરોએ એક જ રાત્રે ત્રણ અલગ-અલગ ઓફિસોના તાળા તોડી રૂ.79 હજારની રોકડ ચોરી કરી ફરાર થઈ ગયા હતા. ઘટનાની જાણ થતાં અકોટા પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાના આધારે આરોપીની શોધખોળ હાથ ધરી છે. માંજલપુર વિસ્તારમાં રહેતા સંદીપભાઈ નાગજીભાઈ પટેલે નોધાવેલી ફરિયાદ મુજબ 27 જુલાઈની રાત્રે 7:30 વાગ્યાથી 28 જુલાઈની સવારે 7:00 વાગ્યા દરમિયાન ચોરે આર.સી. દત્ત રોડ પર આવેલા દ્વારકેશ કોમ્પ્લેક્સમાં પ્રવેશ કર્યો હતો. આરોપીએ બિલ્ડિંગની અલગ-અલગ ઓફિસોના દરવાજા અને બારીઓના તાળા કોઈ સાધનની મદદથી તોડી અંદર પ્રવેશ કર્યો હતો. નવમા માળે આવેલી ઓફિસ નં. 901માંથી રૂ.55 હજારની રોકડ ચોરી કરવામાં આવી હતી. ઉપરાંત આઠમા માળે આવેલી ઓફિસ નં. 804 તથા ઓફિસ નં. 801/803માંથી રૂ 24 હજારની રોકડ ચોરી કરવામાં આવી હતી. ત્રણેય ઓફિસોમાં સામાન વેરવિખેર કરી રૂ.79 હજારની રોકડ ચોરી કરી તસ્કર ફરાર થઈ ગયો હતો.

છાણી પોલીસે રિક્ષાચાલકને ૧૨.૬૬ ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડયો

વડોદરા : છાણી પોલીસે ભાથુજીનગર વિસ્તારમાં દરોડો પાડી એક રિક્ષા ચાલકને 12.66 ગ્રામ ગાંજા સાથે ઝડપી પાડ્યો છે. પોલીસે આરોપી પાસેથી ગાંજા સહિત રૂ.5 હજારનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ શરૂ કરી છે. વડોદરા શહેર પોલીસ દ્વારા નશીલા પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે સતત કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ દરમિયાન છાણી પોલીસને બાતમી મળી હતી કે ભાથુજીનગર ગરનાળા પાસે રહેતો ધર્મેશ ઉર્ફે ધમો અશ્વીન પટેલ જે વ્યવસાયે રિક્ષાચાલક છે, પોતાના રહેણાંક મકાનમાંથી ગાંજાનું વેચાણ કરી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે દરોડો પાડતાં આરોપી પાસેથી 12.66 ગ્રામ ગાંજો, પાંચ ખાલી ઝિપલોક થેલીઓ, એક પ્લાસ્ટિકની થેલી, મોબાઈલ ફોન તેમજ ચૂંટણી કાર્ડ અને લાઈટ બિલની નકલ મળી આવી હતી. પોલીસે ગાંજો સહીત રૂ. 5 હજારનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

૫ લાખના ચેકથી શરૂ થયેલી મિત્રતા ૪૨.૭૫ લાખની ઠગાઈમાં ફેરવાઈ

નિવૃત્ત વ્યક્તિ સાથે મોબાઈલ અને રોકાણના નામે છેતરપિંડી આચરાઈ

મિત્રે પહેલા લોન પર 6 આઈફોન-સેમસંગ મોબાઇલ લેવડાવ્યા, પછી ઊંચા નફાની લાલચ આપી એફડી પણ તોડાવડાવી

રૂપિયા પરત નહી આપતા આખરે વૃદ્ધે પોલીસ સ્ટેશનના દ્વાર ખખડાવ્યા

(પ્રતિનિધિ) વડોદરા તા 28

વડોદરાના ન્યુ સમા રોડ વિસ્તારમાં રહેતા વૃદ્ધને મિત્રતાનો વિશ્વાસ અપાવી પહેલા તેમના નામે લોન પર મોંઘા મોબાઈલ લેવડાવવામાં આવ્યા અને બાદમાં કેમિકલ બિઝનેસમાં ઊંચા નફાની લાલચ આપી લાખો રૂપિયાનું રોકાણ કરાવવામાં આવ્યું હતુ. આખરે ચેક બાઉન્સ થતાં અને ન તો મોબાઈલના હપ્તા ભરાયા, ન રોકાણની રકમ પરત મળતા વૃદ્ધે રૂ.42.75 લાખની છેતરપીંડીની ફરિયાદ નોંધાવી છે. વડોદરાના ન્યૂ સમા રોડ વિસ્તારમાં રહેતા નિવૃત્ત ગીરીશભાઈ મનહરભાઈ શાહે પોલીસમાં નોંધાવેલી ફરિયાદ મુજબ, ન્યૂ સ્વાગત રેસ્ટોરન્ટમાં નોકરી દરમિયાન તેમની ઓળખ ભાર્ગવ વિનોદભાઈ પટેલ સાથે થઈ હતી. ભાર્ગવે રૂ.5 લાખનો ચેક આપીને તેમના નામે લોન પર મોબાઈલ ખરીદી આપવાનું કહ્યું હતું.

વિશ્વાસમાં આવી ગીરીશભાઈએ અલગ-અલગ ફાઈનાન્સ કંપનીઓ મારફતે છ મોંઘા મોબાઈલ ખરીદી આપ્યા, પરંતુ બાદમાં ચેક બાઉન્સ થયો હતો. ત્યારબાદ ભાર્ગવે પોતાને ફુવા તરીકે ઓળખાવનાર બિપીનભાઈ પટેલ મારફતે કેમિકલ બિઝનેસમાં રોકાણ કરી મોટો નફો કમાવવાની લાલચ આપી હતી. તેના વિશ્વાસમાં આવી ગૌરીશભાઈએ પોતાની એફડી તોડી, સોનાના દાગીના ગિરવે મૂકી તેમજ વિવિધ બેંક ખાતા અને ક્યુઆર સ્કેનર મારફતે લાખો રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. બાદમાં આરોપીએ ફોન બંધ કરી સંપર્ક તોડી નાખતા અને રૂપિયા પરત ન આપતા ગૌરીશભાઈને છેતરાયા હોવાની જાણ થઈ હતી. ફરિયાદમાં આરોપી ભાર્ગવ પટેલ સામે રૂ. 42.75 લાખની છેતરપીંડી તેમજ લોન પર લેવાયેલા 6 મોબાઈલ હડપ કરવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. હાલ પોલીસે ફરિયાદના આધારે વધુ તપાસ શરૂ કરી છે.

વાહનચાલકો થંભી ગયા

વિશ્વામિત્રીમાંથી નીકળીને બેબી મગર અચાનક હાઈવે પર પહોંચ્યું

(પ્રતિનિધિ) વડોદરા, તા.28

વડોદરામાં મેઘરાજા મહેરબાન થયા છે. વરસાદને કારણે શહેરની જીવાદોરી સમાન વિશ્વામિત્રી નદીમાં પાણીની સપાટી વધી છે. જેના પગલે નદીના કાંઠા અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાયા છે. સાથે જ વિશ્વામિત્રીમાં વસવાટ કરતા મગરો અને અન્ય જળચર જીવો રહેણાંક વિસ્તારો તરફ વળ્યા હોવાના બનાવો પણ વધી રહ્યા છે. વાઘોડિયા રોડ પર આવેલી જોબન ટેકરી નજીક હાઇવે પર એક મગરનું બચ્ચું રોડ ક્રોસ કરતું જોવા મળ્યું હતું. અચાનક બચ્ચું સામે આવતા વાહનચાલકોએ પોતાના વાહનો થંભાવી દીધા હતા. આ દરમિયાન એક કારચાલકે મગરના બચ્ચાનો વીડિયો પોતાના મોબાઈલમાં કેદ કરી લીધો હતો. વીડિયોમાં બચ્ચું રોડની વચ્ચે ધીમે ધીમે ચાલતું જોવા મળી રહ્યું છે. આ વીડિયો થોડી જ વારમાં સોશિયલ મીડિયામાં વાયરલ થઈ ગયો હતો. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની રેસ્ક્યૂ ટીમ અને વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની વન્યજીવ રેસ્ક્યૂ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. જે ટીમે મગરના બચ્ચાને સુરક્ષિત રીતે પકડીને બોક્સમાં મૂક્યું હતું. ત્યારબાદ તેને વધુ સારવાર અને પુનઃવસન માટે વિશ્વામિત્રી નદીના સલામત વિસ્તારમાં છોડવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

સાવકા પિતા સાથેનો મતભેદ અભયમની ટીમે કાઉન્સેલિંગ કરી દૂર કર્યા

માતાના બદલાયેલા વર્તનથી દુ:ખી યુવતી ઘર છોડવા મક્કમ બની પોલીસ સ્ટેશન પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા તા 28

વડોદરામાં એક એવો સંવેદનશીલ કિસ્સો સામે આવ્યો છે, જ્યાં ઘરેલું મતભેદોના કારણે એક યુવતી ઘર છોડવાનો નિર્ણય લઈને પોલીસ સ્ટેશન પહોંચી ગઈ હતી. પરિસ્થિતિ ગંભીર બનતા પોલીસે તરત જ 181 અભયમ ટીમની મદદ લીધી હતી. લાંબા કાઉન્સેલિંગ બાદ માત્ર યુવતી જ નહીં, પરંતુ માતા અને સાવકા પિતાની વિચારસરણીમાં પણ બદલાવ આવ્યો અને આખરે પરિવારનું સુખદ પુનર્મિલન થયું હતુ. વડોદરા શહેરમાં રહેતી યુવતીએ કાઉન્સેલિંગ દરમિયાન જણાવ્યું કે તેના માતા-પિતાના છૂટાછેડા બાદ તે માતા સાથે રહેતી હતી અને જીવન સારી રીતે ચાલી રહ્યું હતું. પરંતુ માતાએ બીજા લગ્ન કર્યા પછી પરિસ્થિતિ બદલાઈ ગઈ હતી. સાવકા પિતા સાથે તાલમેલ બેસાડવામાં મુશ્કેલી પડતી હતી. નાના-મોટા ઝઘડાઓ દરમિયાન સાવકા પિતા તેની વાત સાંભળ્યા વગર ઠપકો આપતા અને મારપીટ પણ કરતા હોવાનું યુવતીએ જણાવ્યું હતુ. યુવતીએ પોતાની નોકરી શરૂ કરીને પોતાનો ખર્ચ ઉઠાવવાનું શરૂ કર્યું હતુ.આ દરમિયાન તેના મિત્રો બન્યા, પરંતુ પરિવારને લાગવા લાગ્યું કે તે મોબાઈલ અને મિત્રો પર વધુ ધ્યાન આપે છે. ઘરમાં સતત થતા ઝઘડાથી કંટાળીને યુવતી ઘર છોડવા તૈયાર થઈ ગઈ હતી. 181 અભયમની ટીમે સૌપ્રથમ યુવતીને બહારની દુનિયામાં રહેલા જોખમો અને નાના-મોટા ગુનાઓ અંગે સમજાવી, ત્યારબાદ માતા અને સાવકા પિતાનું પણ કાઉન્સેલિંગ કર્યું હતુ. ટીમે સમજાવ્યું કે કોઈ અજાણ્યા વ્યક્તિને પિતા તરીકે સ્વીકારવામાં સમય લાગે છે, તેથી વિશ્વાસ જીતવો જરૂરી છે. માતાને પણ દીકરીને પ્રેમ, સમય અને વિશ્વાસ આપવાની જરૂરિયાત સમજાવવામાં આવી હતી. અંતે બંને પક્ષો વચ્ચે સમાધાન થયું હતુ યુવતી માતા અને સાવકા પિતા સાથે ઘરે પરત જવા રાજી થઈ, જ્યારે માતા-પિતાએ પણ તેને પ્રેમ અને સમજદારીથી રાખવાની જવાબદારી સ્વીકારી હતી. આમ 181 અભયમ અને પોલીસના સમયસરના પ્રયાસોથી એક પરિવાર તૂટતા બચી ગયો હતો.

અમદાવાદથી પેન્શનપુરા ખાતે ટ્રાન્સફર કરાયો હતો

પેન્શનપુરા ખાતેથી દિવાલ કૂદી ફરાર થયેલો સગીર મળી આવ્યો

(પ્રતિનિધિ) વડોદરા તા 28

વડોદરાના પેન્શનપુરા વિસ્તારમાંથી દિવાલ કૂદીને 13 વર્ષનો આશ્રિત બાળક રહસ્યમય ભાગી જતા ચકચાર મચી ગઈ છે. બાળક સંકુલ માં જોવા નહીં મળતા કેમેરા ચેક કર્યા હતા ત્યારે સગીર બાળક દિવાલ કૂદી બહાર જતો જોવા મળ્યો હતો. અનેક કલાકોની શોધખોળ બાદ અમદાવાદથી મળી આવ્યો હતો. વડોદરાના પેન્શનપુરામાં જમવાના તેમજ દૂધ પીવાના સમયે બાળકોની નિયમિત ગણતરી દરમિયાન સગીર હાજર હતો. ત્યારબાદ તેનો કોઈ પતો લાગ્યો ન હતો જેથી સીસીટીવી કેમેરા ચેક કર્યા હતા ત્યારે રાત્રિના સમયે 13 વર્ષીય સગીર અન્ય બે બાળકો સાથે વાતચીત કર્યા પછી સ્કૂલની પાછળ જઈ કોટની દિવાલ કૂદી બહાર નીકળી જતો જોવા મળ્યો હતો. જેના પગલે એક તબક્કે દોડધામ મચી ગઇ હતી પરંતુ પરિસ્થિતિનો તાગ મેળવી સંસ્થાના સ્ટાફે તેમજ ચાઈલ્ડ વેલ્ફેર કમિટીને જાણ કરી બાળકની શોધખોળ હાથ ધરી હતી, બાદ મોડી સાંજે સગીર અમદાવાદ ખાતેથી મળી આવ્યો હતો. ઉલ્લેખનિય છે કે,સગીરને 19 જૂન 2026ના રોજ અમદાવાદમાંથી વડોદરા આશ્રય માટે ટ્રાન્સફર કરવામાં આવ્યો હતો. સંસ્થા દ્વારા બાળકના મળ્યા બાદ તેની પ્રાથમિક પૂછપરછ હાથ ધરવામાં આવી હતી.

બાળક આશ્રયગૃહમાંથી બહાર નીકળવાનું કારણ શું હતું અને તે વડોદરાથી અમદાવાદ સુધી કેવી રીતે પહોંચ્યો તેની વિગતો મેળવવા પ્રયાસ શરૂ કરાયા છે. સમગ્ર ઘટનાને લઈને સંબંધિત વિભાગ દ્વારા પણ જરૂરી તપાસ હાથ ધરી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે.

તબીબી પરીક્ષણ કરાવતા અઢીથી ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું બહાર આવ્યું

બદનામ કરવાની ધમકી આપી કિશોરે સગીરા પર દુષ્કર્મ ગુજારી ગર્ભવતી બનાવી

મંજુસર પોલીસ દ્વારા કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર અને સગીરાનું મેડિકલ કરાવાયું

(પ્રતિનિધિ) વડોદરા તા 28

વડોદરા જિલ્લાના સાવલી તાલુકામાંથી માનવતાને શરમાવે તેવી ઘટના સામે આવી છે. કાયદાના સંઘર્ષમાં આવેલા 17 વર્ષીય કિશોરે સગીર યુવતીને સમાજમાં બદનામ કરવાની ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનું બહાર આવ્યું છે. ઘટનાનો ભાંડો ત્યારે ફૂટ્યો જ્યારે સગીરાને ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું તબીબી તપાસમાં સામે આવ્યું. જેની જાણ થતા પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. મંજૂસર પોલીસે કિશોરને કસ્ટડીમાં લઈ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે. વડોદરા જિલ્લાના સાવલી તાલુકાના એક ગામમાં રહેતી સગીરા પર કાયદાના સંઘર્ષમાં આવેલા 17 વર્ષીય કિશોરની દાનત બગડી હતી. કિશોરે સગીરાને જો મારી સાથે શારીરિક સંબંધ નહીં બાંધે તો તને સમાજમાં ખોટી રીતે બદનામ કરી દઈશ તેવી ધમકી આપી હતી. આ ધમકીના કારણે ડરી ગયેલી સગીરા સાથે બળજબરી પૂર્વક દુષ્કર્મ આચર્યું હતું. આટલેથી ન અટકતા આરોપી કિશોરે બાદમાં સગીરાને અલગ-અલગ સ્થળોએ લઈ જઈ તેની સાથે અનેક વખત બળાત્કાર ગુજાર્યો હતો. સતત શારીરિક શોષણના પરિણામે સગીરા ગર્ભવતી બની હતી. દરમિયાન બે-ત્રણ મહિના સુધી માસિક ધર્મ ન આવતા માતાને શંકા જાગી હતી. પરિવારજનોએ સગીરાને હોસ્પિટલમાં તબીબી તપાસ માટે લઈ જતાં ડોક્ટરે અંદાજે અઢીથી ત્રણ મહિનાનો ગર્ભ હોવાનું જણાવ્યું હતું. આ વાત સાંભળીને પરિવાર પર આભ તૂટી પડ્યું હતું. પરિવારજનોએ સગીરાને વિશ્વાસમાં લઈ પૂછપરછ કરતાં તેણે સમગ્ર ઘટના જણાવી હતી. સગીરાએ જણાવ્યું કે 17 વર્ષીય કિશોરે ધમકી આપી તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું, જેના કારણે તે ગર્ભવતી બની છે. ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખી માતાએ મંજૂસર પોલીસ સ્ટેશનમાં કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આરોપીને પોલીસ સ્ટેશન ખાતે લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સાથે જ સગીરા અને આરોપી કિશોરનું મેડિકલ પરીક્ષણ પણ કરાવવામાં આવ્યું છે. સમગ્ર ઘટનાની વધુ તપાસ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

ચાલતી ટ્રેનમાં તસ્કરનો તરખાટ..!

ગઠીયો રૂા.૧૫ લાખના સોના-ચાંદીના દાગીના ચોરી ગયો

ગોવાથી ફાલના જતી શ્રી ગંગાનગર એક્સપ્રેસમાં બની ચોંકાવનારી ઘટના

(પ્રતિનિધિ) વડોદરા તા 28

ચાલતી ટ્રેનમાં મુસાફરોની સુરક્ષા સામે ફરી એકવાર ગંભીર સવાલ ઊભો થયો છે. ગોવાના મડગાંવથી રાજસ્થાનના ફાલના જઈ રહેલા પરિવાર ટ્રેનમાં ઊંઘી ગયો હતો ત્યારે તેમની ઊંઘનો લાભ લઈને ગઠિયો ત્યાં ઘસી આવ્યો હતો અને લેડીઝ પર્સમાથી અંદાજે રૂ.15 લાખના સોના-ચાંદીના દાગીના ભરેલું બોક્સ ચોરી કરીને ફરાર થઈ ગયો હતો. પરિવારના સભ્યો રાત્રે ફાલના પહોંચી ગયા હતા ત્યારે તેમના પર્સમાંથી ચોરી થઈ હોવાની જાણ થઈ હતી. ગોવાના મડગાંવથી ફાલના જતી ટ્રેન શ્રી ગંગાનગર એક્સપ્રેસમાં અરુણકુમાર માલવિયા પરિવાર સાથે એસી-2 ટાયર કોચ A-1માં મુસાફરી કરી રહ્યા હતા. રાત્રિના સમયે પરિવારના સભ્યો ઊંઘી ગયા હતા અને લેડીઝ પર્સ બારી પાસેની સીટ પર રાખવામાં આવ્યુ હતુ. સવારે અમદાવાદ સ્ટેશન પસાર થયા બાદ પરિવાર જાગી ગયો હતો અને ફાલના સુધી સતર્ક રહ્યો હતો. જોકે ફાલના સ્ટેશન પર ઉતરી લેડીઝ પર્સ તપાસતા બે સોનાના મંગળસૂત્ર, એક હીરાજડિત મંગળસૂત્ર, ચાર સોનાના કડા, બે સોનાની વીંટી અને એક ચાંદીની વીંટી સહિત અંદાજે 80 ગ્રામ દાગીના રૂ.15 લાખ ની મતાની ચોરી થઈ હોવાનું માલુમ પડ્યું હતું. ચોરી અમદાવાદ પહોંચતા પહેલાં થઈ હોવાનું માનવામાં આવી રહ્યું છે. ઘટના બાદ તેઓએ પોલીસ ફરિયાદ નોંધાવતા રેલવે પોલીસે CCTV ફૂટેજના આધારે તસ્કરની શોધખોળ શરૂ કરી છે.

વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો અટકાવવા ૧૨ અર્બન હેલ્થ સેન્ટરની ટીમો મેદાનમાં

વડોદરામાં વરસાદી વિરામ બાદ રોગચાળાની દહેશત વચ્ચે કોર્પોરેશન તંત્ર એલર્ટ મોડ પર

ઘરે-ઘરે દવા છંટકાવ, ઓઆરએસ અને ક્લોરીન ગોળીઓનું વિતરણ શરૂ

(પ્રતિનિધિ) વડોદરા તા 28

વડોદરામાં મેઘરાજાએ વિરામ લેતાની સાથે જ વાહકજન્ય અને પાણીજન્ય રોગચાળો ફાટી નીકળવાની દહેશત સેવાઈ રહી છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વડોદરા મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા અગમચેતીના ભાગરૂપે સમગ્ર શહેરમાં યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરવામાં આવી છે. રોગચાળો માથું ન ઉચકે તે માટે પાલિકા દ્વારા તમામ ઝોનમાં ઘનિષ્ઠ સફાઈ ઝુંબેશ અને આરોગ્યલક્ષી સુરક્ષા પગલાં શરૂ કરી દેવાયા છે. આરોગ્ય વિભાગ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં ઘરે-ઘરે જઈને સોસ રિડક્શન અને ઈન્ટ્રાડોમેસ્ટિક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. ચોમાસા દરમિયાન મચ્છરજન્ય ઉપદ્રવ અટકાવવા માટે દવાનો છંટકાવ કરવાની સાથે-સાથે નાગરિકોને ક્લોરીનની ગોળીઓ અને ઓઆરએસના પેકેટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મચ્છરોના ગુણાકારને રોકવા માટે તંત્ર દ્વારા ૪ મોટા ફોગીંગ મશીન અને ૨૭ નાના મશીનોની મદદથી શહેરમાં વ્યાપક ફોગીંગ કામગીરી ચાલુ રાખવામાં આવી છે.

વરસાદ બાદ વાહકજન્ય તેમજ પાણીજન્ય રોગચાળાના કેસો ન વધે તે માટે વડોદરા કોર્પોરેશન સંચાલિત તમામ ૧૨ અર્બન હેલ્થ સેન્ટર/ દવાખાનાના મેડિકલ ઓફિસરોને સક્રિય કરવામાં આવ્યા છે. દરેક દવાખાનામાંથી ૮ થી ૧૦ વિશેષ ટીમો બનાવવામાં આવી છે, જેમાં પ્રત્યેક ટીમમાં બે-બે કર્મચારીઓ સામેલ છે. આ ટીમો વિસ્તારમાં ફરીને સરકારની માર્ગદર્શિકા મુજબ નાગરિકોને જાગૃત કરી રહી છે અને સ્થળ પર જરૂરી કામગીરી કરી રહી છે. આ સમગ્ર કામગીરીનું સચોટ મોનિટરિંગ કરવા માટે એક વિશેષ વૉટ્સએપ ગૃપ બનાવવામાં આવ્યું છે, જેમાં તમામ ટીમો દ્વારા કરવામાં આવતી દૈનિક કામગીરીના લાઈવ ફોટોગ્રાફ્સ અપલોડ કરીને ઉચ્ચ અધિકારીઓ દ્વારા રોજેરોજનું સુપરવિઝન કરાઇ રહ્યું છે.

સફાઈ મિત્રોનો જુસ્સો શહેરીજનો માટે બન્યો પ્રેરણારૂપ

પશ્ચિમ વડોદરામાં પાલિકાનું 'વન ડે વન રોડ' સફાઈ અભિયાન

અસિસ્ટન્ટ કમિશનર ઉપસ્થિતિમાં વોર્ડ ૮ થી ૧૨ માં સફાઈ કામગીરી

(પ્રતિનિધિ) વડોદરા તા 28

સંસ્કારી નગરી વડોદરાને સ્વચ્છતા ક્ષેત્રે નવી સિદ્ધિઓ અપાવવા અને સમગ્ર શહેરને સુઘડ બનાવવાના ઉદ્દેશ્ય સાથે વડોદરા મહાનગરપાલિકા દ્વારા કમર કસવામાં આવી છે. મહાનગરપાલિકાના મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુની ખાસ સૂચના અને માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોનમાં વિશેષ સફાઈ ઝુંબેશ "મેગા ઓપરેશન વન ડે વન રોડ" હાથ ધરવામાં આવ્યું છે. આ મહાઅભિયાન અંતર્ગત પશ્ચિમ ઝોનમાં આવતા વોર્ડ નંબર ૮ થી ૧૨ ના વિસ્તારોને આવરી લેવામાં આવ્યા છે. આ સફાઈ અભિયાન દરમિયાન પશ્ચિમ ઝોનના અસિસ્ટન્ટ કમિશનર બ્રહ્મભટ્ટ સ્થળ પર પ્રત્યક્ષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના નિરીક્ષણ હેઠળ વોર્ડ નંબર ૮, ૯, ૧૦, ૧૧ અને ૧૨ ના તમામ મુખ્ય માર્ગો તથા રસ્તાઓ પર વ્યાપક અને ઊંડાણપૂર્વક સાફ-સફાઈની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરને સ્વચ્છ અને સુંદર બનાવવાની આ ઝુંબેશમાં પાલિકાના સફાઈ સેવકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે અને યુદ્ધના ધોરણે રસ્તાઓને સાફ કરી ચમકાવી રહ્યા છે. પાલિકાના સફાઈ મિત્રોની આ નિષ્ઠા અને જુસ્સો સમગ્ર શહેરીજનો માટે પણ એક ઉત્કૃષ્ટ અને પ્રેરણારૂપ દ્રષ્ટાંત બન્યો છે. પાલિકા દ્વારા આગામી દિવસોમાં પણ શહેરના અન્ય ઝોન અને વિસ્તારોમાં આ જ પ્રકારે તબક્કાવાર સફાઈ મહાયજ્ઞ આગળ ધપાવવામાં આવશે જેથી નાગરિકોને સ્વચ્છ અને આરોગ્યપ્રદ વાતાવરણ મળી રહે.